મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૩ ટકા ● સાંજે ૧૭

**ગાંધીનગર તાપમાન**

## આઈ લવ માય ગાંધીનગર

**હિતેષ ભાલચંદ્ર રાવલ**
**એડવોકેટ**

**ગાંધીનગર ગમે**

૪૫ વર્ષથી ગાંધીનગરના ખોળામાં ઉછર્યો છું એટલે અને અહીં ખૂબ જ સુંદર, ઈશ્વરીય અને પ્રદૂષણ મુક્ત વાતાવરણ તથા લીલોતરી હોવાથી ગાંધીનગર શહેર ગમે છે.

**નગરજનો**

રાજ્યના દરેક પ્રદેશમાંથી આવેલા નગરજનો અહીં આવીને વસ્યા છે ને તેથી નગરનું ઐતિહાસિક મૂલ્ય પણ વધ્યું છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

૨૪ કલાક કાર્યરત જુસિકા, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તથા નગરજનોને સ્વસ્થ રાખવાની નેમવાળી વી-કેર ફાઉન્ડેશનની અલગારી પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

છૂટમૂટ કાર્ય કરતી સંસ્થાઓ એક મંચ પર આવીને મોટા પાયે કાર્ય કરે તે જરૂરી લાગે છે.

**નગર માટે હું કરી શકું**

કોઈપણ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિ તથા મફત કાનૂની સલાહ-સૂચન માટે હું સમર્પિત છું.

# ફુડ ફેસ્ટિવલમાં વિદ્યાર્થીનીઓએ ૨૦૨૪ વાનગીઓ બનાવી

## સર્વ વિદ્યાલય સંકુલની હોસ્ટેલમાં રહેતી વિદ્યાર્થીનીઓ દ્વારા ફુડ ફેસ્ટિવલ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સે-૨૩માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગર્લ્સ હોસ્ટેલ ખાતે ફુડ ફેસ્ટિવલનું આયોજન રવિવારે કરવામાં આવ્યું હતું. આ ફુડ ફેસ્ટિવલમાં ભાગ લેનાર વિદ્યાર્થીનીઓએ અવનવી ગુજરાતી, પંજાબી, ચાઈનીઝ વાનગીઓ તથા વિવિધ સલાડનીકુલ ૨૦૨૪ ડીશ તૈયાર કરી હતી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળની હોસ્ટેલમાં ધો-૬ થી માંડીને માસ્ટર ડિગ્રી સુધીનો અભ્યાસ કરતી કુલ ૧૩૮-વિદ્યાર્થીનીઓ નિવાસી શિક્ષણ પ્રાપ્ત કરે છે. આ વિદ્યાર્થીનીઓને હોસ્ટેલ સંચાલકો દ્વારા તેમની શાળા કે કોલેજ બાદના ફાજલ સમયમાં કૌશલ્ય આધારિત તાલીમ આપવામાં આવે છે જેથી તેઓ તેમના જીવનમાં વ્યવસાયિક રીતે પગભર થઈ આર્થિક સધ્ધરતા કેળવી શકે તથા પોતાનો વ્યકિતત્વ વિકાસ કરી શકે. આ વિદ્યાર્થીનીઓને કુકીંગ ઉપરાંત ફેશન ડિઝાઈનીંગ, ડાન્સીંગ, મહેંદી વગેરે જેવી પ્રવૃત્તિઓ તેમના રસ અનુસાર શિખવાડવામાં આવે છે. આ પ્રવૃત્તિઓ અંતર્ગત સમગ્ર વર્ષ દરમિયાન કુકીંગ શીખેલ વિદ્યાર્થીનીઓદ્વારા આ ફુડ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું.

ફુડ ફેસ્ટિવલમાં વિદ્યાર્થીનીઓએ અમેરિકન સલાડ, નુડલ્સ, ડ્રાય મન્ચુરિયન, ફ્રેન્કી, છોલે ટીક્કી, તવા હાંડવા સહિતની વિવિધ પ્રકારની ૨૦૨૪ ડીશ બનાવી હતી. આ ફુડ ફેસ્ટિવલનું ઉદઘાટન સર્વ વિદ્યાલયના ચેરમેન વલ્લભભાઈ પટેલ દ્વારા કરાયું હતું. આ પ્રસંગે કૌશલ્યાબેન પટેલ, ડૉ. વીણાબેન પટેલ, નીવાબેન પટેલ, નરસિંહભાઈ પટેલ, મિતેષ મોદી સહિત સર્વ વિદ્યાલય સંકુલની સંસ્થાઓના આચાર્યો, પ્રાધ્યાપકો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ ફુડ ફેસ્ટિવલની સફળતા માટે હોસ્ટેલના સુપ્રિટેન્ડન્ટ કૌશલ્યાબેન પટેલની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

## @ગાંધીનગર

● વંદેમાતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો નીતાબેન પ્રજાપતિ બ્લોક નં. ૫૫/૩, ચ ટાઈપ સે-૨૮ ગાંધીનગર ખાતે ૩.૩૦ થી ૫.૩૦ દરમિયાન યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા પ્લોટ નં. ૩૩૯ ચર્ચની સામે સે-૨૩ ખાતે બપોરે ૨.૩૦ થી ૫.૦૦ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં સોમવારે જયાં નજર નાંખો ત્યાં પોલીસ જ પોલીસ દેખાય તેવો માહોલ સર્જાયો હતો. આ કારણે શહેરમાં પોતાના કામ માટે બહારગામથી આવનાર મુલાકાતીઓને ભારે અચરજ થવા સાથે 'પાટનગરમાં કંઈક અજુગતું તો નથી થયું ને?' તેવો સવાલ મુંઝવ્યા કર્યો હતો.

● સરકાર સામે વિરોધ પ્રદર્શન કરવા આવેલા આંદોલનકારીઓનું એક સમુહ સેકટર-૧૧ના મેદાનમાં પહોંચી ગયું હતું. પરંતુ ત્યાં પોલીસ પાસે તેમની અટકાયત કરવા કોઈ જ વાહનની સગવડ નહોતી તેથી પોલીસવાન આવે તે માટે રાહ જોવી પડી હતી. જો કે અડધા-પોણા કલાક પછી પણ પોલીસવાન ના આવતા છેવટે આંદોલનકારીને તેઓ જેમાં આવ્યા હતા તેજ લકઝરી બસોમાં બેસાડી પોલીસ કચેરીએ લઈ જવાયા હતા.

● સિવિલ હોસ્પિટલ કંપાઉંડમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા આંદોલનકારીઓને મળવા માટે કોંગ્રેસના વિધાનસભામાં વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ તેમના એક પ્રતિનિધિને મોકલી દીધો હતો. આ પ્રતિનિધિએ આંદોલન કારીઓને કોંગ્રેસ તરફી ઝોક આપવાના પ્રયત્ન રૂપે સિવિલ કંપાઉન્ડમાં જ સભા જેવું કરી પ્રવચન ચાલુ કરી દીધું હતું.

મુંબઈમાં મુરબાદ ખાતે ઈન્ટર નેશલન એસોસિએશન લાયન્સ, લીયો કલબની બીજી કાઉન્સેલીંગ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છતીસગઢ આ પાંચ રાજયો પૈકી માત્ર ગાંધીનગરની લીયો કલબને બેસ્ટ ફોર્મીંગ કલબનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ગાંધીનગર લીયો કલબના પ્રમુખ કથન ત્રિવેદી અને તેમની ટીમની કામગીરીને બિરદાવવામાં આવી હતી. ગુજરાતમાં ગાંધીનગરની ટીમે પ્રશંસાપાત્ર કામગીરી કરી હોવાનું સ્પષ્ટ થતા નગરના અગ્રણીઓએ પણ લીયો કલબને શુભેચ્છા પાઠવી હતી.

# વિદ્યા સહાયકોની ભરતીમાં ગેરરીતિની તપાસ કરવા માંગ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત શિક્ષણ વિભાગ હસ્તકની પ્રાથમિક શિક્ષણ નિયામક, ગાંધીનગર દ્વારા જિલ્લા નગર શિક્ષણ સમિતિ હસ્તકની શાળાઓમાં વિદ્યાસહાયક ધો-૬ થી ૮ (ગુજરાતી માધ્યમ અને અન્યમ માધ્યમ)ની ૬૦૦૦ જગ્યાઓ મેરીટના ધોરણે ભરવા કાર્યવાહી થઈ રહેલ છે. તા. ૨૦ થી ૨૩ દરમિયાન જિલ્લા પંસદગી માટે ૧૧૦૦ જેટલા ઉમેદવારોને બોલાવવામાં આવ્યા હતા અને આગામી દિવસોમાં બીજા ઉમેદવારોને બોલાવવામાં આવશે અને ત્યારબાદ આગામી ૨૪-૩-૨૦૭ના રોજ નિમણુંક આપવામાં આવનાર છે.

હાલમાં જે વિદ્યાસહાયકોએ જિલ્લા પસંદગી કરેલ છે તેમાંથી ૮૦ ટકાથી વધુ વિદ્યા સહાયકો અગાઉથી શિક્ષક તરીકે ફરજ નિભાવે છે. જો આવા ચાલુ નોકરીવાળા વિદ્યાસહાયકોની પસંદગી કરવામાં આવશે તો ખાલી મહેકમમાં કોઈ ખાસ જગ્યાઓ ભરાશે નહી અને ટેટ-૨ની પાસ કરેલા ઉમેદવારો બેરોજગાર જ રહેશે. આ તમામ બાબતોથી રાજય સરકાર પરિચીત હોવાનું સુત્રો દ્વારા ચર્ચાઈ રહ્યું છે. આ બાબતે ચાલી રહેલ ગેરરીતિ બાબતે તાત્કાલિક તપાસના આદેશ આપવામાં આવે નિમણુંક પ્રક્રિયા તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવ તેવી વિનંતી કરતો પત્ર ચંદ્રવદન ધ્રુવે રાજયપાલ, મુખ્યમંત્રી, શિક્ષણ મંત્રી, શિક્ષણ સચિવ તથા પ્રાથમિક શિક્ષણ નિયામકને લખી રજુઆત કરેલ છે.

## બાલવા ગામનો માર્ગ દુરસ્ત કરાવવા માંગ

ગાંધીનગર, તા.૨૭

બાલવા ગામમાં નવો રોડ બનાવવાની ગામ લોકોની માંગ છે. ગામનો રોડ બંને બાજુ તુટી ગયેલ હોવાથી રોડ ઉપર વાહન ચલાવવું બાલવા ગામના રહીશો માટે ભયજનક બન્યું છે. ગામમાં બેંકો, શાળાઓ, ટેલિફોન ઓફિસ વગેરે આવેલ છે. તુટી ગયેલા રોડને લીધે મુસાફરોને અવરજવરમાં અગવડતા ઉભી થાય છે. આથી ગ્રામજનોએ માર્ગ દુરસ્તી માટે માંગણી કરી છે.

## માનસિક તણાવ દુર કરવાના ઉપાય પર સેમીનાર

ગાંધીનગર, તા.૨૭

આંતરરાષ્ટ્રીય મહિલા પખવાડીયા સપ્તાહ અંતર્ગત અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા માનસિક તણાવ દુર કરવાના ઉપાયો વિષય પર સેમીનારનું આયોજન આગામી તા.૧ માર્ચને બુધવારના રોજ સાજે ૭ કલાકે વ્યવસાયી મહિલા છાત્રાલય સે-૧૨ ખાતે કરવામાં આવ્યું છે. આ માનસિક તણાવ દુર કરવાના ઉપાય વિષય પર યોજાનારા સેમીનારમાં જેસીઆઈ ઝોન ટ્રેનર દિપીકાબેન મહેતા માર્ગદર્શન આપશે. આ સેમીનારમાં શહેરની મહિલાઓને મોટીસંખ્યામાં લાભ લેવા માટે સંસ્થાના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે દ્વારા અનુરોધ કરાયો છે.

# ઉમા આર્ટસ મહિલા કોલેજના સમાજશાસ્ત્ર વિભાગનો શૈક્ષણીક પ્રવાસ યોજાયો

ગાંધીનગર, ૨૭

ગાંધીનગર શહેરના સેકટર-૨૩ કડી કેમ્પસ સ્થિત ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ ગાંધીનગરના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા તાજેતરમાં સેકટર-૧૯ સ્પેશીયલ ચિલ્ડ્રન હોમ ખાતે એક શૈક્ષણિક મુલાકાત યોજી હતી. સમાજશાસ્ત્ર વિષયના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાથીર્નીઓ તથા વિભાગના હેડ ડો.બી.એમ.તડવી તથા ડો.ડી.એમ. પંડયા એ ભાગ લીધો હતો.સંસ્થાના સુપ્રિટેન્ડન્ટ વિમલભાઈએ એચ.આઈ.વી. પોઝીટીવ બાળકોના આરોગ્ય, પોષણ, શિક્ષણ અને સશકિતકરણ માટે સંસ્થા કંઈ કંઈ કામગીરી કરે છે. તેની વિસ્તૃત માહિતી કોલેજની બહેનોને પુરી પાડી હતી. આ પ્રસંગે કોલેજ દ્વારા સંસ્થાના બાળકોને ફળોનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ચેસની કીટ અર્પણ કરાઈ હતી. કોલેજની વિદ્યાર્થીનીઓએ બાળકોને વાર્તા, ગીત, જોકસ, કહીને આનંદીત કર્યા હતા. જયારે એચ.આઈ.વી. પોઝીટીવ બાળકોએ પણ ડાન્સ, ગીત, અને સ્લો -મોશનની કલા રજુ કરીને સૌને આશ્ચર્ય ચકિત કરી દીધા હતા.

## બલરામ ભવન ખાતે નિ:શુલ્ક મહિલા યોગ શિબિર યોજાશે

નૈસર્ગિક સ્વાસ્થય મંડળ ગાંધીનગર દ્વારા આગામી તા.૧ થી ૩ માર્ચ દરમિયાન બલરામ ભવન સે-૧૨ ખાતે સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન મહિલાઓ માટે યોગાભ્યાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર મહિલા સપ્તાહ અંતર્ગત ઉજવણી કરવામાંઆવનાર છે. આ શિબિરમાં નગરની સર્વે બહેનો અને સંસ્થાના પરિવારની બહેનોને લાભ લેવા માટે અનુરોધ મંડળ દ્વારા કરાયો છે. જયારે આ શિબિરમાં મહિલાઓએ શેતરંજી સાથે લાવવાની રહેશે.

## ચક્ષુદાન

ગાંધીનગર શહેરના સેકટર-૩ એપ્લોટ નં- ૮૨-૧ ખાતેવસવાટ કરતા સ્વ.શિવરામભાઈ માધાભાઈ પરમાર ઉ.વર્ષ ૬૪ નું ગત્ તા.૨૫-૨-૧૭ના રોજ અવસાન થયું હતું. તેમના પરિવારજન આનંદ શિવરામભાઈ પરમારની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું હતું. આ કાર્યમાં ડો.નિશાંત અને ડો.પ્રશાંતે તબિબિ સેવા પુરી પાડી હતી. જયારે જુ.સી.કાના કાર્યકર દિલિપભાઈ દંતાણી તથા ડી.એમ.પરમારે સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવાની સેવા પુરી પાડી હતી. આ ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (સીવીલ હોસ્પિટલ) ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય જુસીકાના દિલિપ દંતાણી અને હિતેશભાઈ દવે એ કર્યું હતું.

# ચિલોડા સર્કલથી ટ્રેકટર નહીં પકડવા પાંચ હજારનો હપ્તો

ગાંધીનગર, તા.૨૭

ચિલોડા પોલિસ સ્ટેશનમાં ફરજ બજાવતા જમાદાર પંકજ સોલંકી ચિલોડા સર્કલ પોઈન્ટ પર ડયુટી બજાવતા હતા. ત્યાંથી પસાર થતા રેતી-કપચી ભરેલ ટ્રેકટરને ટાર્ગેટ બનાવી મહિને રૂ. ૫ હજારનો હપ્તો ગોઠવી રહ્યા હોવાની ફરિયાદ મળતા મહેસાણા યુનિટની એસીબી ટીમે ટ્રેપ ગોઠવી હતી. ગઈ રાત્રે આ હપ્તા સંદર્ભે વાતચીત કરતાં રેકોર્ડીંગ પણ કરી લેવામાં આવ્યું છે. પરંતુ લાંચની રકમ લેવા આવ્યા નહીં. જમાદાર સામે એસીબીએ ગુનો દાખલ કરી ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગરના એક યુવાન વેપારીના ટ્રેકટર માટી, કપચી, રેતી અને છાણીયા ખાતર ભરીને હેરાફેરી કરતા હોય છે. આ ટ્રેકટર ચિલોડા સર્કલથી દરરોજ અવરજવર થાય છે. દરરોજ ટ્રેકટરને નહીં પકડવા અને દંડની પાવતી ન ફાડવા માટે ચિલોડાના જમાદાર પંકજ પાનાચંદ સોલંકીએ હપ્તાની માંગણી કરી હતી. મહિને રૂ. ૫ હજારનો હપ્તો આપશે તો હેરાન નહી કરવાની ડીલ કરી હતી. આ મામલે યુવાને એસીબીમાં ફરિયાદ કરી કોલ રેકોર્ડીંગ રજુ કર્યા હતા. એસીબી પી.આઈ. બી.જે.ચૌધરીની ટીમે છટકું ગોઠવી કોલ રેકોર્ડીંગ ઓન કરી હપ્તા બાબતે ફોન પર વાતચીત કરી હતી. હેતુલક્ષી વાતચીતમાં ૫ હજારની લાંચ માંગનાર પંકજ સોલંકી કોઈ કારણસર ટ્રેપ સ્થળે લાંચ સ્વિકારવા ન આવ્યા. એસીબીએ રેકોર્ડીંગ આધારે જમાદાર સામે ગુનો દાખલ કરી ફરાર થઈ ગયેલા પંકજ સોલંકીની ધરપકડ કરવા તજવીજ શરુ કરી છે.

# નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓએ ચિલ્ડ્રન યુનિવર્સિટીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના બીએસસીને એમએસસીના વિદ્યાર્થીઓએ તેમના સ્ટાફ સાથે તા. ૧૪મીથી તા. ૧૬મી ફેબ્રુઆરી દરમિયાન ચિલ્ડ્રન્સ યુનિ.ની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેઓને ચિલ્ડ્રન્સ યુનિ.ના કુલપતિ ડૉ. કે.એસ. લિખિયાએ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના સમગ્ર કાર્યક્ષેત્રની માહિતી આપી હતી. ત્યારબાદ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યની સી.ડી. બતાવવામાં આવી હતી. ત્યારબાદ તપોવનના પ્રાંત સંયોજક તર્પણા વ્યાસે 'તપોવન સંશોધન કેન્દ્ર'ની શરૂઆતથી માંડીને સમગ્ર ગુજરાતમાં હાલમાં ચાલતા ૨૩ તપોવન સંશોધન કેન્દ્રો (સગર્ભા માર્ગદર્શન કેન્દ્ર) વિશે માહિતી આપી તથા સગર્ભા બહેનોને તપોવન સંશોધન કેન્દ્રોમાં કરાવવામાં આવતી પ્રવૃત્તિઓ વિશે તથા દંપતી સંમેલનો અને પરિવાર સંમેલનો વિશે સમજ આપી હતી. ડૉ. રૂપમબહેન ઉપાધ્યાયે 'શિશુ પરામર્શન કેન્દ્ર' વિશે માહિતી આપતા જણાવ્યું કે જન્મથી પાંચ વર્ષ સુધી બાળકની કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિયોનો મહત્તમ વિકાસ થતો હોવાથી આ ઉમર દરમિયાન બાળકોને કયા મહિનામાં કઈ પ્રવૃત્તિ કરાવવી તેની આ કેન્દ્રમાં માતાઓને સમજ આપવામાં આવે છે. આ ઉપરાંત યુનિ.માં ચાલતા વિદ્યાવાન, અક્રેડિટેશન, કલાધારા, વિદ્યાનિકેતન, આવિષ્કાર શ્રેણી-ઉમંગ-રોમાંચ, એમફીલ, પીએચડીના વર્ગો વિશે યુનિ.ના અધ્યાપકોએ માહિતી આપી હતી.

ચિલ્ડ્રન્સ યુનિ.માં ચાલતા તપોવન શંશોધન કેન્દ્ર અને શિશુ પરામર્શન કેન્દ્રમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓનું પ્રત્યક્ષ નિદર્શન સૌ વિદ્યાર્થીઓ અને સ્ટાફને કરવામાં આવ્યું હતું.

## આવતીકાલે ગેમીનો સ્થાપના દિવસ ઉજવાશે

ગાંધીનગર, તા.૨૭

પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે વિકાસના પગલા ભરતી ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી) દ્વારા તેના નિર્માણ દિન નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પહેલી માર્ચે 'ગેમી ડે' ઉજવવામાં આવશે. ગેમી ડે કાર્યક્રમમાં રાજયકક્ષાના મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી, વન અને પર્યાવરણ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી અરવિંદ અગ્રવાલ, આઈએએસ તેમજ વન વિભાગના અધિક મુખય વનસંરક્ષક શ્રી કુલદિપ ગોયેલ આઈએફએસ, ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભામાં અભિવૃધ્ધિ કરનાર છે. ગેમીના નિયામક ડૉ. સંજીવ ત્યાગી આઈએફએસના નેતૃત્વમાં ગેમી ડે અંગે કાર્યક્રમ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના સેમિનાર હોલમાં ૧લી માર્ચના રોજ સવારે ૮.૦૦ કલાકે રાખવામાં આવેલ છે.

# એટીએમ કલ્ચરલ ફાઉન્ડેશનનું 'પોસ્ટ વેલેન્ટાઈન ડે સેલિબ્રેશન' યોજાયું

ગાંધીનગર, તા.૨૭

ન્યુ ગાંધીનગર વિસ્તારની એનીટાઈમ મસ્તી (એટીએમ) કલ્ચરલ ફાઉન્ડેશન દ્વારા તા. ૨૫મી ફેબ્રુઆરીએ ગાંધીનગર-કોબા મુખ્ય માર્ગ પરના સીટી પલ્સ મલ્ટિપ્લેકસ ખાતે 'પોસ્ટ વેલેન્ટાઈન ડે સેલિબ્રેશન' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં સંસ્થાના સભ્યએ સંપૂર્ણપણે પારવારિક વાતાવરણમાં વિવિધ મનોરંજક રમતો જેવી કે 'પ્રપોઝ યોર પાર્ટનર', 'મેઈડ ફોર ઈચ અધર' તથા કપલ ડાન્સ ઉપરાંત ડીજે ડાન્સ અને કિડસ ગેમ્સનો આનંદ ઉઠાવ્યો હતો.

એટીએમ કલ્ચરલ ફાઉન્ડેશનના 'પોસ્ટ વેલેન્ટાઈન ડે સેલિબ્રેશન' માં રમાડવામાં આવેલ 'પ્રપોઝ યોર પાર્ટનર' ગેમમાં પ્રથમ ક્રમાંકે પરાગીની શાહ તથા શૈલેષ શાહની જોડી અને દ્વિતિય ક્રમાંકે સંસ્થાના વરિષ્ઠ યુગલ સુધા જોષી તથા યશવંત જોષી વિજેતા બન્યા હતા. 'મેઈડ ફોર ઈચ અધર' ગેમમાં ત્રણ યુગલો જાહેર થયા હતા. જેમાં બીનલ ભાવસાર-તેજસ ભાવસાર, લોપા ડાભી-સ્નેહલ ડાભી તથા ભાવના રામી-સમીર રામીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સરપ્રાઈઝ આઈટમમાં કાલા ચશ્મા ડાન્સ માટે યુગલ સંધ્યા સોલંકી-પિયુષ સોલંકીને સરપ્રાઈઝ ગીફટ આપવામાં આવી હતી તેમજ મિલી સેફ્રોની ક્રિશ્ચિયનને ડાન્સ માટેની સરપ્રાઈઝ ગીફટ આપવામાં આવી હતી. આ ઉપરાંત વિજેતા યુગલોને અને કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ખાસ પરીવાર સહિત ઉપસ્થિત ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી તથા તેમના પુત્ર કેવલ ત્રિવેદીએ આયુષી ડાભી અને અવની પટેલે સાથે મળીને કાર્યક્રમનું મનોરંજક સંચાલન કર્યું હતું. કાર્યક્રમની સફળતા માટે એટીએમ કલ્ચરલ ફાઉન્ડેશનના પ્રમુખ સેમ્યુઅલ ક્રિશ્ચિયન તથા બીના ક્રિશ્ચિયને જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે તમામે સમુહ ભોજનનો આનંદ ઉઠાવ્યો હતો.



## ચિરવિદાય

- સ્વ. જયરામભાઈ મનજીભાઈ લટેલ, ઉ.વ. ૬૨
- સ્વ. હિરાબેન સોમાજી ઠાકોર, ઉ.વ. ૧૦૫
- સ્વ. દશરથજી ખોડાજી ઠાકોર, ઉ.વ. ૧૫